# રાજસ્થાનના બાળકો બાળપણની મજા માણતા ગુજરાત પહોંચી ગયા

## હિંમતનગર પોલીસને મળી આવતા વાલી વારસોને સોંપ્યા બે બાળકો

હિંમતનગર, તા. ૧૩

રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના વીંછીવાડા તાલુકાના હિંગોડી ગામની પ્રાથમિક શાળામાંથી બે દિવસ પહેલા બે બાળકો બાળપણની મજા માણતા માણતા વીંછીવાડા રેલવે સ્ટેશન પહોંચી ગયા અને રેલવેમાં બેસી ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવી ગયા હતા અને બજારમાં ભટકતા ભટકતા ટાઉન પોલીસને પેટ્રોલિંગ દરમિયાન આ બે અજાણ્યા બાળકો મળી આવ્યા હતા. જેની પૂછપરછ કરતા જણાવેલ સરનામાં અને મોબાઈલ નંબરથી વાલી વારસોનો સંપર્ક કરી તેમને બે બાળકો સોંપી દીધા હતા.

વિગત એવી છે કે રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના વીંછીવાડા તાલુકાના હિંગોડી ગામે આવેલ પ્રાથમિક શાળામાં ગામનો ૭ વર્ષીય શૈલેષ અરવિંદભાઈ કટાર ધોરણ-૨માં અભ્યાસ કરે છે અને બાજુના આશીવાવ ગામનો ૯ વર્ષીય મહેશ સુરદાસ ભગોરા ધોરણ-૪માં અભ્યાસ કરે છે. આ બંને મિત્રો ૧૧ મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ હિંગોડી પ્રાથમિક શાળામાં ગયેલા અને દફતર મુકીને ચાલતા ચાલતા બાળપણની મજા માણતા માણતા નીકળી ગયા હતા. ગામથી બે કિલોમીટર દૂર આવેલ વીંછીવાડા રેલવે સ્ટેશન પહોંચી ગયા હતા. ત્યાર બાદ રેલવે સ્ટેશન પર આવેલ ઉદેપુર-અમદાવાદ રેલવેમાં ૩ વાગે બેસી ગયા હતા અને હિંમતનગરના રેલવે સ્ટેશન પર સાંજે ૬.૩૦ વાગેના સુમારે ઉતર્યા હતા અને હિંમતનગરના બજારોમાં ભટકતા ભટકતા પાંચ બત્તી વિસ્તાર તરફ આવી પહોંચ્યા હતા. દરમિયાન પેટ્રોલિંગમાં નીકળેલ હિંમતનગર ટાઉન પોલીસમથકના પી.આઈ. જે.એમ. આલ અને સ્ટાફના ચંદ્રકાન્તભાઈ પરમાર અને પરબતસિંહ રાઠોડે આ બંને બાળકોને પોલીસમથકે લાવ્યા હતા અને ચા નાસ્તો કરાવ્યા બાદ પૂછપરછ કરતા મહેશ ભગોરાએ તેના પિતાનો મોબાઈલ નંબર તુટક જણાવેલ તેના પર સંપર્ક કરતા તેના પિતાએ પોલીસે વાત કરી હતી ત્યારબાદ તેના પિતા સુરદાસભાઈ તાબડતોડ હિંમતનગર આવી ગયા હતા અને મોડી રાત્રિના ૨ વાગે હિંમતનગર ટાઉનપોલીસમથકે આવી પહોંચ્યા હતા. જ્યાં પોલીસે એ બંને બાળકોને તેમને સોંપી દીધા હતા.



દારૂલ ઉલુમ હસનીયા હિંમતનગર મુકામે સિલ્વર જ્યુબીલી ઉજવણી નિમિત્તે જશ્ને દસ્તારે ફઝીલત યોજવામાં આવેલ તેમાં ખત્મે બુખારી શરીફ હઝરત અલ્લામા મોહંમદ કમર આલમ સાહબ પઢી હતી. સાથે સૈયદ મોહંમદ નુરાનીમીયા અશરફીયુલ જીલાની કછોછવીના હાથે દસ્તારે બંદી, તલબાઓને સનદ એનાયત કરવામાં આવી હતી. કુલ ૩૬ આલીમ, હાફીઝ, કારીઓને સનદ એનાયત કરી હતી. આ પ્રસંગે આલીમા ઉમ્મે સલમા જોધપુરના હસ્તે ૩૦ તલબાઓને મુબલ્લીગોને સન્માન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સરપરસ્ત કમર કુત્બી સાહબ, કારંટા, ગુલઝાર અશરફ મુફતી સાહેબ (દારૂલ ઉલુમ હસનીયા), મુત્ફી વકાર આલમ સાહબ અને મૌલાના અકબર સાહબ જોધપુર ખાસ હાજરી આપી હતી. આ પ્રસંગને સાકાર બનાવવા પ્રમુખ જફરભાઈ મુતવલ્લી, અજીજભાઈ ફોજદાર, રજ્જાકભાઈ ઝાંખવાલા, મો. નુર હરસોલીયા, ઈકબાલભાઈ મુતવલ્લી, નિસાર અહેમદ શાસ્ત્રી, શાહીદહુસેન હરસોલીયાએ ભારે જહેમત ઉઠાવી સુંદર આયોજન કર્યું હતું. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## પાણપુરની આદર્શ પ્રાથમિક શાળામાં રમોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગર તાલુકાના પાણપુર ગામે આવેલી આદર્શ પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં વિવિધ રમતોમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.


પાણપુર ગામની આદર્શ પ્રાથમિક શાળાના રમતોત્સવને સંચાલક રાજપુરા મકબુલભાઈએ ઉદ્‌ઘાટન કરી ખુલ્લો મુક્યો હતો. આ રમત ઉત્સવમાં કબડ્ડી, દોડ, કોથળા દોડ, ચોકલેટ શોધ, લીંબુ ચમચી, દોરડાકૂદ, સ્લો સાઈકલીંગ, સંગીત ખુરશી, ક્રિકેટ, ખોખો જેવી રમતો યોજાઈ હતી. આ રમતો દ્વારા બાળકોમાં રહેલી શુષુપ્ત શક્તિ બહાર લાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ પણ અનેરો ઉત્સાહ દર્શાવી વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય રફીકભાઈ મેમણ તેમજ શાળા પરિવાર સહિત વાલીગણ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ખેડબ્રહ્માના ગૌરવ પથ પર ગાબડા

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ચાર રસ્તાથી ફોરેસ્ટ ક્વાટર્સ સુધીનો માર્ગ તંત્ર દ્વારા દસેક મહિના પહેલા જ તૈયાર કરવામાં આવ્યો છે. પરંતુ ૧૦ માસ જેટલા ટુંકા ગાળામાં જ આ માર્ગ બિસ્માર બની જતા વાહનચાલકો અને ગ્રામજનો ભારે પરેશાની વેઠી રહ્યા છે અને બિસ્માર માર્ગને સત્વરે રીપેર કરવા માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ચાર રસ્તાથી માંડીને ફોરેસ્ટ ક્વાટર્સ સુધીનો ડામરનો માર્ગ થોડા સમય પહેલા જ તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. પરંતુ કોન્ટ્રાક્ટર કે સુપરવાઈઝરની બેદરકારીથી એક વર્ષના ટુંકા ગાળામાં આ માર્ગ પર ઠેર ઠેર મસમોટા ખાડા પડી ગયા છે. જેથી દરરોજ આ માર્ગ પર અવનજવન કરતા વાહનચાલકો, ગ્રામજનો અને રાહદારીઓ ભારે પરેશાની વેઠી રહ્યા છે. દિવસ દરમિયાન મોટા પ્રમાણમાં અહીંથી વાહનચાલકો વાહનો લઈ અવર-જવર કરે છે અને આ બિસ્માર માર્ગને કારણે અનેક વખત અકસ્માતો સર્જાયા છે. પરીણામે ગ્રામજનો આ બિસ્માર માર્ગથી ભારે રોષે ભરાયા છે અને સત્વરે માર્ગને સુધારવા માંગણી કરી રહ્યા છે.





ખેડબ્રહ્માના વોર્ડ નં. ૬માં કોંગ્રેસના ઉમેદવાર અમિતકુમાર ડાહ્યાલાલ સર્મા તથા પ્રજાપતિ ગુંદડજી મોહનજીનો વિજય થતા ટેકેદારો દ્વારા વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. જે સમગ્ર વિસ્તારમાં ફર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. (તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## તલોદના રોજડ ગામે જી.એસ.એફ.સી. દ્વારા બટાટાના પાક પર નિદર્શન યોજાયું

તલોદ, તા. ૧૩

તલોદ તાલુકાના રોજડ ગામે ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમીકલ્સ લિ.ના તલોદ ડેપો દ્વારા ગતરોજ કેશાભાઈ નાથાભાઈ પ્રજાપતિના ખેતરે બટાટાના પાક પર નિદર્શન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને જી.એસ.એફ.સી. તલોદ ડેપોના સંચાલક ડૉ. સુભાષ રાવલે બટાટાના પાક વિશે સવિસ્તાર માહિતી આપી હતી. તેમજ ગુજરાત સરકાર દ્વારા ચાલતી ટપક સિંચાઈ પદ્ધતિ વિશે સમજાવી ખેતીમાં તેનો લાભ લઈ પાકનું ઉત્પાદન વધુ લેવા ભલામણ કરી હતી અને જમીનમાં રાસાયણિક ખાતરોનો સક્ષમ ઉપયોગ કરીને ખેતીનો ખર્ચ ઘટાડવા જણાવ્યું હતું. વધુમાં જી.એસ.એફ.સી. વડોદરાના અધિકારી વી.એન. ગોઠીએ ખેડૂતોને જમીન અને પાણીની ચકાસણી કરાવડાવી ખેડૂતોને આર્થિક ખેતી કરવા અને જી.એસ.એફ.સી.ની અન્ય સેવાઓની પણ સવિશેષ માહિતી આપી ખેડૂતોને લાભ લેવા જણાવ્યું હતું.

## વરાણામાં આઈશ્રી ખોડિયારનો મેળો, શ્રધ્ધાનું ઘોડાપુર

પાટણ, તા. ૧૩

સમી તાલુકાના વરાણા ગામે સુપ્રસિધ્ધ યાત્રાધામ આઈશ્રી ખોડિયાર માતાજીનો મહા સુદ-૨થી પુનમ સુધી મેળો યોજાય છે. જેમાં તલગોળ, તલવટનો પ્રસાદ ધરાવવામાં આવે છે.

રાધનપુરના ધારાસભ્ય નાગરજી ઠાકોરે મેળાને ખુલ્લો મુકયો હતો. શ્રધ્ધા અને આસ્થાનું સ્થાન ધરાવતાં આઈશ્રી ખોડિયાર ધામે શ્રધ્ધાળુઓનું ઘોડાપુર ઉમટેલ છે. દરરોજ જુદા જુદા સમાજો તરફથી પ્રસાદ ચઢાવવામાં આવશે.

# તલોદમાં ગટર યોજના કામ ચાલતા ડાઈવર્ઝન આપવા મુસાફરોની માંગ

## ઠેર ઠેર રસ્તાઓ બંધ કરી દેવાતા મુસાફરો મુશ્કેલ

તલોદ, તા.૧૩

તલોદમાં ત્રણેક માસથી ગટર યોજનાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ ગટર યોજનાનું કામ સન્માન સોસાયટીથી શરુ કરી તમામ પ્રકારના રસ્તાઓ તોડી નાખ્યા છે જેટલું કામ પૂર્ણ થયું છે તેટલું કામ ખુલ્લું જ રખાતા મોટો ભય સર્જાયો છે. અવર-જવર કરતા મુસાફરો અને વાહન ચાલકો પરેશાની ભોગવી રહ્યા છે. મેઈન રસ્તા પર ચાલતા ગટર યોજનાના આ કામથી ગલીઓ સોસાયટીઓ અને બજારોમાં ભારે ભીડ જામી છે. ઠેર ઠેર પાણીના ખાબોચીયા ભરાતા ગંદકી યુકત વાતાવરણ ઉભું થયું છે.

તલોદ પાલિકામાં બત્રીસ કરોડના ખર્ચે પણ ત્રણ વર્ષમાં ગટર યોજના પૂર્ણ કરવા કોન્ટ્રાકટરો દ્વારા થઈ રહેલું કામ ગોકળ ગતિએ ચાલી રહ્યું છે. તલોદમાં મહિયલ કોલેજ રોડ પર મુખ્યત્વે ઘણી જ મોટી મશ્કરી થઈ રહી છે. આ અગાઉ એક સભાપતિએ રોડની ગટર પાઈપો જમીનમાં દટાઈ છે પરંતુ તે વખતે આ યોજનામાં પાણીનો નિકાલ ન થતા ખોરંભે પડી હતી હવે નગરપાલિકા સફળ થશે કે આ ગટર યોજના નિષ્ફળ જશે તેવાં પ્રશ્નો લોકોમાં ચર્ચાઈ રહ્યા છે.

તલોદમાં ચાલતી ગટર યોજનાના કામમાં ખોદકામ દરમિયાન પત્થરો, રેતી તેમજ અન્ય પ્રકારના નાના મોટા ખાડાઓ, ભૂવાઓ યથાવત રખાતા જાનહાની સર્જાય તેવી સ્થિતિ સર્જાય છે. પરીણામે નગરજનો પરેશાન થઈ ગયા છે. આ માર્ગો સત્વરે સુધરે તેવી માંગ કરી રહ્યા છે.



## ભાજપનો ૪૭ નગરપાલીકા પર વિજય થતા ડીસામાં ફટાકડા ફુટ્યા

રવિવારના રોજ ગુજરાત રાજ્યની ૭૪ નગરપાલિકા ની ચુંટણી યોજાઈ હતી. જેની મતગણતરી આજરોજ હાથ ધરાયા બાદ જાહેર થયેલ પરિણામોમાં ૭૪ પૈકી ૪૭ નગરપાલિકામાં ભાજપની સ્પસ્ટ બહુમતી આવી છે. જેનો ડીસા શહેર ભાજપ દ્વારા ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવાયો હતો. આ પ્રસંગે ડીસા શહેર ભાજપ પ્રમુખ શશીકાંત પંડ્યા , અગ્રણી નીલેશ ઠક્કર, સહિત અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા. આ બાબતે રમેશભાઈ દેલવાડીયાએ જણાવ્યુ હતુ કે, રાજ્ય ની ૪૭ બેઠકો પર ભાજપને સ્પસ્ટ બહુમતી મળી છે. જ્યારે ૧૨ નગરપાલિકાઓમાં ભાજપ ગઠબંધન વાળી સરકાર રચશે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જીલ્લાની ધાનેરા અને થરાદ નગરપાલિકામાં ભાજપની હાર થતા વિધાનસભાની ચુંટણી બાદ ભાજપને બીજો ફટકો વાગ્યો છે.

# ડીસા શાકમાર્કેટ પાસે ફુટપાથ પર વેપારીઓનો કબ્જો : ટ્રાફીક સમસ્યા યથાવત

## લોકોને ચાલવા માટે બનાવેલ ફુટપાથ પર વેપારીઓના દબાણ : બન્ને તરફનો રસ્તો સાંકડો

ડીસા, તા. ૧૩

ડીસા શહેરમાં બગીચાથી પશુ બજાર શોપિંગ સેન્ટર સુધી અગાઉ બનાવેલ ગટરનો વેપારીઓએ કબ્જો લઈ તેમાં કચરો નાખી પુરી દીધી. આ જગ્યા ઉપર વેપારીઓએ દબાણ કરી દીધા હતા. આથી ડીસા નગરપાલિકાએ થોડા દીવસ પહેલા વેપારીઓના દબાણ હટાવી જુની ગટરને સાફ કરી તેમાંથી કચરો દુર કરાવી હવે પછી પહેલાનું પુનરાવર્તન ન થાય તે માટે તેના ઉપર ફુટપાથ બનાવી. પરંતુ ચાર દીન કી ચાંદની ઔર ફીર અંધેરી રાત ની કહેવત મુજબ ફુટપાથ પોતાની સગવડ માટે બનાવી હોય તેમ વેપારીઓએ ફરી તેનો કબજો લઈ દબાણો કરી દીધા છે. તેના કારણે લોકોને ફુટપાથ ને બદલે રોડની વચ્ચે ચાલવું પડે છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સરદાર પટેલ શોપીંગ અને પશુબજાર શોપીંગ સામે બનાવેલ ફુટપાથ ઉપર ફરી નાસ્તાની લારીઓ ગોઠવાઈ ગઈ છે. જ્યારે સામેની હરોળમાં વેપારીઓએ પોતાના હોર્ડીંગ્સ ખડકી દીધા છે. જ્યારે કોલેજ રોડના નાકા પર આવેલી દુકાનોના માલીકોએ તો ફુટપાથ પર ચાની કીટલી અને બાજુની દુકાન આગળ અનાજ લે-વેચનો ધંધો ચાલુ કરી દીધો છે.જેના કારણે અહીં ટ્રાફીકની સમસ્યા જટીલ બને છે. હાલમાં આ વિસ્તારમાં બનાવેલ ફુટપાથનો લાભ એક પણ રાહદારીને મળ્યો નથી અને વેપારીઓએ તેના પર પોતાનો અડીંગો જમાવી દીધો છે. જાણેકે ડાલાના કારણે રોડ એકદમ સાંકડો બની રહે છે. વાહનોની કતાર વચ્ચે સાંકડા રસ્તામાં પગપાળા પસાર થવું મુશ્કેલ બની રહે છે. શું નગરપાલિકા ફુટપાથ પરથી વેપારીઓના દબાણ હટાવી ખુલ્લો કરાવશે....? ત્યારે આ બાબતે નગરપાલિકા દ્વારા ઘટતી કાર્યવાહી



નગરપાલિકાએ વેપારીઓની સગવડ માટે ફુટપાથ બનાવી હોય...? તેમ પોતાના ધંધાની વસ્તુઓ અને માલ સામાન પર પોતાના દ્વારાજ પાર્ક કરાતા વાહનો તેમજ માલ ઉતારતી ટ્રકો અને જીપ કરવામાં આવે અને લોકોને ચાલવા માટે બનાવેલ ફુટપાથ પર બથામણિયો કબ્જો કરી લેનાર વેપારીઓના દબાણ દુર કરી ફુટપાથ પર લોકોને ચાલવાની સગવડ કરી આપે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮